**1205E248**

Candidate's Seat No :_________

**B.A. Sem.-5 Examination**

**Core 302 - Gujarati**

**ભાષા વિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય**

**Time : 2-00 Hours]** **May-2022** **[Max. Marks : 50**

## વિભાગ-૧

નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો :

૧ ભાષા વૈજ્ઞાનિકોએ આપેલી વ્યાખ્યાઓ જણાવી તેમાંથી પ્રગટ થતાં ભાષાનાં લક્ષણો વર્ણવો. ૧૪

૨ ભાષા એટલે શું? તેની ચર્ચા કરો અને ભાષાનું માનવ્યવહારમાં શું સ્થાન છે? તે વિગતે સમજાવો. ૧૪

૩ ભાષા વ્યવસ્થાનાં વિવિધ સ્તરોનો ખ્યાલ આપો. ૧૪

૪ ટૂંકનોંધ લખો : (ક) માન્ય ગુજરાતીના સંઘર્ષી વ્યંજનો (ખ) માન્ય ગુજરાતીના સ્વરો. ૧૪

૫ માન્ય ભાષા અને બોલી વચ્ચેની ભેદરેખા ઉદાહરણો સાથે સમજાવો. ૧૪

૬ ગુજરાતી ભાષાની પ્રાદેશિક બોલીઓ જણાવી ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલીની લાક્ષણિક્તાઓ ઉદાહરણ સાથે જણાવો. ૧૪

૭ અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધીની વિકાસ રેખાના વિવિધ તબક્કાઓનો ભેદક-લક્ષણો સાથે પરિચય કરાવો. ૧૪

૮ ટૂંકનોંધ લખો : ૧૪

(ક) 'અઈ' તથા 'અઉ' નું પરિવર્તન દૃષ્ટાંતો સાથે સમજાવો.

(ખ) સ્વર મધ્યમવર્તી 'ક', 'ગ', 'ચ', 'જ', 'ત', 'દ' નો લોપ સમજાવો.

## વિભાગ-૨ (ફરજિયાત)

૯ યોગ્ય વિકલ્પ પસંદ કરી કોઈપણ ચાર પ્રશ્નોનાં જવાબ લખો : ૦૮

(૧) 'મનુષ્યના વિચારો અને લાગણી વ્યક્ત કરવાની ધ્વનિરૂપ સંજ્ઞાની વ્યવસ્થા તે ભાષા' આ વ્યાખ્યા કયા ભાષા વૈજ્ઞાનિકની છે?

(ક) રોબર્ટ હોલ (ખ) જેસ્પનર્સ (ગ) એડવર્ડ સેપિર (ઘ) ભોલાનાથ તિવારી

(૨) 'કાળધર્મ પામ્યા' એમ બોલવું એમાં ભાષાનો કયો ભાષાકીય ભેદ છે?

(ક) સામાજિક (ખ) પ્રાસંગિક (ગ) સાંસ્કૃતિક (ઘ) ધંધાદારી

(૩) રૂપ શબ્દ માટે-રૂપવિજ્ઞાન માટે અંગ્રેજીમાં કયો શબ્દ વપરાય છે?

(ક) ફોનોલોજી (ખ) જુઓલોજી (ગ) મોર્ફોલોજી (ઘ) ફ્રી ફોર્મ્સ.

(૪) પોચા તાળવાના નીચે લટકતા ભાગને શું કહે છે?

(ક) પડજીલ (ખ) જીહ્વામૂલ (ગ) જિહ્વાગ્ર (ઘ) નાદતંત્રી

(૫) હવા જ્યારે મુખપથ ઉપરાંત નાસિકાપથમાંથી પણ પસાર થાય ત્યારે નિર્માતા ધ્વનિને શું કહે છે?

(ક) અર્ધસ્વર (ખ) પાર્શ્વિક (ગ) પ્રકંપી (ઘ) અનુનાસિક

(૬) માન્ય ગુજરાતી ભાષાના અર્ધસ્વરો કયાં છે?

(ક) સ, શ, ષ (ખ) ય, વ (ગ) અ, આ (ઘ) ર, ળ

(૭) પેપરો, લેંબડો, ગૉંમ, નેહર્યો - કઈ બોલીના ઉચ્ચારણ વિષયક શબ્દો છે?

(ક) સૌરાષ્ટ્રી (ખ) ચરોતરી (ગ) પટ્ટણી (ઘ) સુરતી

(૮) તમિલ, કન્નડ, મલયાલમ અને તેલુગુ ભાષાઓ કયા ભાષાકુળની છે?

(ક) ભારતીય-આર્ય (ખ) દ્રવિડી (ગ) ચિની-તિબેટી (ઘ) ઓસ્ટ્રો-એશિયાટીક.